મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૭ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શહેરમાંથી ગણેશજીને વાજતે-ગાજતે વિદાય

## શહેરના સેક્ટરોમાં દિવસભર બેન્ડવાજા સાથે ગણેશજીના વરઘોડા નીકળ્યા





ગાંધીનગર, તા.૩૧

ગણપતિ બાપા મોરયા.. ગણપતિ બાપા મોરીયાના નાદથી સમગ્ર ગાંધીનગર શહેર આજે ગુંજી ઉઠ્યું હતું. ગાંધીનગર શહેરમાં દબદબાભેર ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં વિવિધ ઠેકાણે તેમજ પાંચ સ્થળો પર મોટા પંડાલો બાંધી ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આજે શહેરમાંથી મોટાભાગના ગણેશ મહોત્સવની પૂર્ણાહુતી થઈ ગઈ છે. શહેરના સેકટરોમાં દિવસભર ડીજે અને બેન્ડવાજાની સુરાવલીઓ સાથે ગણેશભકતો નાચી ઉઠ્યા હતા અને ભકતોએ દુંદાળા દેવને ભારે હૈયે વિદાયમાન કર્યા હતા. વાજતે ગાજતે ગણેશજીની પ્રતિમાને સાબરમતિ નદીના કિનારે લઈ જઈને પાણીમાં વિસજીત કરાઈ હતી.

ગાંધીનગર શહેરમાં સેકટર-૨, ૩, ૫, ૧૬, ૨૨, સહિત અન્ય સેકટરોમાં ગણેશ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ પંડાલોમાં રોજ સવાર સાંજ આરતી બાદ રાત્રે સુંદર ધાર્મિક તેમજ સાંસ્કૃતિ કાર્યકમો યોજાયા હતા. જેમાં ડાયરો, આનંદના ગરબા, મ્યુઝીકલ પાર્ટી, નાટક, વિવિધ સ્પર્ધાઓ, રકતદાન શિબિર, આર્યુવેદિક ઉકાળા સહિત બેટી બચાવો, સ્વાઈન ફલુ જાગૃતિ, સ્વચ્છતા અભિયાનની થીમ પર ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા સાત દિવસથી શહેર ગણેશમય બની ગયું હતું. ગણેશ મહોત્સવમાં દરરોજ વિવિધ નાસ્તો પણ ભકતોને આપવામાં આવતો હતો. ગણેશ મહોત્સવની વાજતે ગાજતે ધામધુમપૂર્વક ઉજવણી બાદ આજે સમાપન પ્રસંગે ધાર્મિક પૂજા અર્ચના કર્યા બાદ સેકટર-૨૨,૩,૫,૨, સહિતના સેકટરોમાં ગણેશ ભકતો દ્વારા ગણેશજીનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. સેકટરોના માર્ગો પર ડીજે અને સંગીતના તાલે ભકતો નાચી ઉઠ્યા હતા. જયારે દિવસ દરમિયાન ગણપતિ બાપા મોરીયાના નારાથી સમગ્ર શહેર ગુંજી ઉઠ્યું હતું. દુંદાળા દેવને સાત સાત દિવસ સુધી પૂજા અર્ચના બાદ ભારે હૈયે ભકતોએ વિદાય આપી હતી. ટ્રેકટર તેમજ ખુલ્લા વાહનોમાં ગણપતિ દાદાનો વરઘોડો સાબરમતિ નદીના કિનારે વાજતે ગાજતે પહોંચ્યો હતો. સાબરમતિ નદીના નીરમાં ગણપતિ દાદાની મૂર્તિનું વિસર્જન ભકતોએ કર્યું હતું. શહેરમાંથી ગણેશજીની બેન્ડવાજાના સંગીતના તાલે ભકતોએ ગણેશજીને વિદાય આપી હતી. ગણેશ વિસર્જન યાત્રામાં મોટીસંખ્યામાં ભકતો જોડાયા હતા. સાબરમતી નદી કિનારા ખાતે પણ આજે દિવસ દરમિયાન ભારે ચહલ પહલ જોવા મળી હતી. ભકતોથી સાબરમતિ નદીનો કિનારો ઉભરાયો હતો. આજે સેકટર-૨૨ સાર્વજનિક મહોત્સવના સમાપન પ્રસંગે અધ્યક્ષ નિશિત વ્યાસ, ઉપાધ્યક્ષ અરુણભાઈ બુચ, ડો. ચેતના બુચ, રાકેશ જાની સહિત ભકતો હાજર રહ્યા હતા.



## @ગાંધીનગર

● ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં. ૧, ૪નો સેવાસેતુ કાર્યક્રમ ૮.૩૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન લગ્નવાડી સે. ૨૩ ખાતે યોજાશે.

● શિવ શક્તિ નવરાત્રી મહોત્સવની સામાન્ય સભા રાત્રે ૮ કલાકે શિવ શક્તિ પરિસરમાં યોજાશે જેમાં યોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

## વાતવાતમાં

● શહેરના ચ-માર્ગ પરના એક પેટ્રોલ પંપ પર એક ગ્રાહક રસ્તામાં ખોટકાયેલા વાહન માટે કેરબામાં ડીઝલ ખરીદી કરવા આવ્યો હતો અને ભૂલથી પેટ્રોલ ખરીદી લીધુ હતુ. પેટ્રોલ ખરીદી લીધા પછી તેની ભૂલની જાણ થતા તેણે પેટ્રોલ પરત લઈ ડીઝલ આપવા માંગ કરી પરંતુ કર્મચારીએ પેટ્રોલ પરત લેવાની ના પાડી દેતા તેને એક સ્કૂટરચાલકને નુકસાન કરીને પેટ્રોલ વેચવાનો વારો આવ્યો હતો.

● ક-૭ સર્કલ નજીક વકીલ મિત્રમંડળ દ્વારા કરાયેલા મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે દરરોજ રાત્રે મનોરંજક કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોમાં ગુજરાતી પ્રસિદ્ધ ગાયકો રતનસિંહ વાઘેલા, જયકર ભોજક અને દર્શના વ્યાસ વગેરેએ પરફોર્મન્સ આપ્યું હતું.

● આ વર્ષે અંબાજી પદયાત્રીઓની સંખ્યામાં ખૂબ ઘટાડો જોવા મળતા શહેરના સેવા કેન્દ્રોનું વહેલુ સમાપન થયું હતું. આ વર્ષે બનાસકાંઠામાં થયેલ અતિવૃષ્ટિ તથા તાજેતરના સ્વાઈન ફલુ સહિતના રોગચાળાને કારણે પદયાત્રીઓની સંખ્યા ઘટી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## બે મહિનાથી વોન્ટેડ બુટલેગર પેથાપુર ચાર રસ્તાથી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર એલ.સી.બી પી.આઇ જે.ડી.પુરોહિતની સુચનાથી તેમની એક ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સક્રીય છે. પી.એસ.આઇ કૃણાલ પટેલ તથા ટીમે ચોક્કસ બાતમીને આધારે પેથાપુર ચાર રસ્તા પાસેથી એક વોન્ટેડ આરોપીને પકડી પાડ્યો હતો. બે મહિનાથી પ્રોહિબીશનનાં ગુનામાં નાસતા ફરતા પેથાપુર બળીયાદેવ મંદીર પાસે રહેતા ભુપેન્દ્રસિંહ પ્રવિણસિંહ વાઘેલાને દબોચી લઈને તેને પેથાપુર પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.




# કલોલનાં એક ફ્લેટમાં ચાલતુ બોગસ કોલ સેન્ટર ઝડપાયુ

## અમેરિકનોને ફોન કરીને લોનનાં બહાને ડોલર ખંખેરતા બે શખ્સો પકડાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જીલ્લાનાં કલોલ ટાઉન વિસ્તારમાં આવેલા કપિલેશ્વર ફ્લેટમાં બોગસ કોલ સેન્ટર ચાલતુ હોવાની બાતમીને આધારે કલોલ શહેર પોલીસે દરોડો પાડી બે શખ્સોને કોમ્પ્યુટર અને મેજીક જેક સહિતનાં મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. બંને શખ્સો કલોલ બેઠા બેઠા અમેરિકન સીટીઝન્સને ફોન કરીને લોનનાં બહાને વાતોમાં ઉલઝાવી ૧૦૦ થી ૫૦૦ ડોલર ખંખેરી લેતા હોવાનું ધ્યાને આવ્યુ છે. કલોલ શહેર પોલીસે બંનેની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

કલોલ શહેર પી.આઇ વી.ડી.વાળા તથા તેમની ટીમે ગઇ સાંજે ચોક્કસ બાતમીને આધારે કલોલ ટાઉન વિસ્તારમાં આવેલા કપિલેશ્વર ફ્લેટમાં મકાન નં.બી-૬ ખાતે દરોડો પાડ્યો હતો અને ફ્લેટમાં ધમધમતા બોગસ કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. કલોલનાં ફ્લેટમાં બેઠા-બેઠા બે શખ્સો કોમ્પ્યુટર અને જરુરી સોફ્ટવેરની મદદથી અમેરિકનો સાથે ચિટીંગ કરતા હતા. ફોન કરીને આ બંને શખ્સો અમેરીકનોને અમુક પૈસા ભરી લોન આપવાની માહિતી આપી ૧૦૦ ડોલરથી ૫૦૦ ડોલર સુધીની રકમ આઈટ્યુન્સ કાર્ડ મારફતે કોઈ પણ સ્ટોર્સમાંથી ખરીદી કરાવી કાર્ડનાં નંબર્સ મેળવી પોતાના હવાલા એજન્ટથી પૈસા મંગાવી પોતાના બેંક ખાતામાં જમા કરાવી છેતરપિંડી આચરતા હતા. મુળ ઉત્તરાંચલ નૈનિતાલનાં અને હાલ કલોલ મોતીનગર સોસાયટીમાં રહેતા સુરજ ધિરેન્દ્ર ભંડારી અને મુળ ઉત્તરપ્રદેશનાં અને હાલ ઓસ્વાલ કોલોની છત્રાલમાં રહેતા જ્યોતિષકુમાર લક્ષ્મીપ્રસાદ ચૌધરી મળીને બંને શખ્સોની કોમ્પ્યુટર,મોબાઈલ્સ અને મેજીક જેક સહિતનાં મુદ્દામાલ સાથે ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

## સ્વાગત રેઈનફોરેસ્ટ કુડાસણ ખાતે ન્યુટ્રીશન વીકની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૩૧

ન્યું ગાંધીનગર વિસ્તારના કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ બ્લોક નં-સી બ્લોક નં-૨૦૧ ખાતે તા.૧ થી ૭ સપ્ટેમ્બર સુધી સવારે ૧૧ થી ૧ અને સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન ન્યુટ્રીશન વીક સેલિબ્રેશનની ઉજવણી કરવામાં આવશે. આ પોસ્ટર એકઝીબીશનમાં ડાયાબીટીસ, અત્યારે બિમારીઓ માટે લડવા રોગ પ્રતિકારક શકિત વધારવા ઈમ્યુનિટી માટે અને પાંડુરંગ માટે આહાર અંગેનું પ્રદર્શન અને માર્ગદર્શન આપવામાં આવશે.

## સે-૨૪ અંબાજી માતાના મંદિર પાસે સ્વાઈન ફલુ ઉકાળાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ સાથે વાઈરલ બિમારીઓના દર્દીઓમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે સ્વાઈન ફલુ સામે રક્ષણ આપતા આર્યુવેદિક ઉકાળાનુ વિતરણ વિવિધ સામાજીક સંસ્થાઓ તેમજ સરકારી તંત્ર દ્વારા કરવામાં આવે છે. ત્યારે સેકટર-૨૪ અંબાજી માતાના મંદિર પાસે રૂપકલા સિલેકશનના રાકેશભાઈ મિસ્ત્રી દ્વારા સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન ઉકાળાનું વિતરણ કરાશે તો આ આર્યુવેદિક ઉકાળાનો લાભ લેવા સેકટર-૨૪ના વસાહતી ભાઈ-બહેનો તેમજ વેપારી મિત્રોને રાકેશભાઈ દ્વારા અનુરોધ કરાયો છે.

## નવીન શાહની હત્યા પ્રકરણમાં મોનિક પટેલ સહિત ત્રણ શખ્સો ભુગર્ભમાં..!

નવનીત પ્રકાશનનાં ડાયરેક્ટર નવીન શાહનાં ચકચારી હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલ.સી.બી એ અત્યાર સુધી પ્લાન ઘડનાર શૈલેષ પટેલ સહિત તેમા અલગ અલગ રીતે મદદ કરી ગુનાને અંજામ આપનાર જીગ્નેશ ભાવષાર, રમેશ પટેલ, ઉત્પલ પટેલ અને બંકિમચંદ્રની ધરપકડ કરી લીધી છે. આ ગુનામાં હજુ પણ ત્રણ શખ્સો નાસતા ફરે છે. આ હત્યા જે સફારી ગાડીમાં થઈ તે ગાડીમાં બેઠેલા અને ગુનામાં મહત્વની ભુમિકા અદા કરનાર ત્રણેય શખ્સો ભુગર્ભમાં જતા રહ્યા છે. એલ.સી.બીની ટીમે આ ત્રણેય ફરાર આરોપીઓને દબોચી લેતા તપાસ તેજ કરી છે.

**મિયામી બ્લ્યુઝ હુક્કાબારનાં માલિક મોનિકે ફાયરિંગ કર્યુ હતુ.! : ફરાર ત્રણેય શખ્સો નવીન શાહની હત્યા થઇ તે સફારી ગાડીમાં બેઠા હતા**

નવીન શાહનાં અપહરણ બાદ તેમના પરિવારજનો પાસેથી ખંડણીની માંગણી અપહરણકારો કરે તે પહેલા જ નવીન શાહનું મૃત્યુ થઇ ગયુ હતુ. સફારી ગાડીમાં અપહરણ કરી નવીન શાહને કેનાલ તરફ લઈ જવાયા ત્યારે આ ગાડીમાં બેઠેલા પાંચ શખ્સો પૈકી હજુ બે શખ્સો શૈલેષ અને રમેશ પકડાયા છે. તે ઉપરાંત ફોન કરીને નવીન શાહને બોલાવનાર બંકિમચંદ્ર અને આ ગેંગને નવીન શાહની માહિતી આપી પ્લાન આપનાર પુર્વ કર્મચારી જીગ્નેશ ભાવષાર એલ.સી.બી નાંહાથે ઝડપાઈ ગયા છે. તો બીજી તરફ સફારી ગાડીમાં અપહરણ થયુ ત્યાર બાદ જો રૂપિયા લેવા જવાનું થાય કે બીજી ગાડીની જરૂર પડે તો બહારથી મદદરુપ થનાર સે-૨૨નાં ઉત્પલ પટેલને પણ દબોચી લઈ એલ.સી.બી એ સઘન પુછપરછ કરી રિમાન્ડ પુરા થતા તમામને સેન્ટ્રલ જેલ ભેગા કરી દીધા છે. સફારીમાં બેઠેલા પાંચ આરોપીઓ પૈકી હજુ બે પકડાયા છે જ્યારે અન્ય ત્રણ પોલીસથી નાસતા ફરે છે.

આ ત્રણ શખ્સોમાં એક શખ્સ કુડાસણ સ્થિત મિયામી હુક્કાબારનો માલીક અને સે-૪ સી પ્લોટ નં.૧૨૮૯/૨ ખાતે રહેતો મોનિક રમણભાઈ પટેલ, બીજો હુક્કાબારમાં કામ કરતો શંકર ઉર્ફે બોડો રાજેન્દ્ર ગોસ્વામી અને ત્રીજો સે-૧ ગાયત્રી મંદિર પાસે રહેતો પરિન ઉર્ફે પ્રવિણ જગદિશચંદ્ર ઠક્કર હોવાનું બહાર આવ્યુ છે તેવુ એલ.સી.બી પી.આઇ જે.ડી.પુરોહિતે જણાવ્યુ છે. તેમને ઉમેર્યુ હતુ કે આ ગુનામાં હવામાં ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ તે મોનિકે તેના હથિયારથી કર્યુ હતુ તેવુ તપાસમાં ખુલ્યુ છે. એલ.સી.બીની ટીમે આ ત્રણેય આરોપીઓની ધરપકડ માટે દોડધામ શરુ કરી છે.

## સે. ૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ દ્વારા મહેન્દ્રકાકા સોડાવાળાનું સન્માન

ગાંધીનગર શહેરના સે. ૨-સી ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગણેશ મહોત્સવમાં રોજ રાત્રે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે બુધવારના રોજ રાત્રે સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે. ૨ દ્વારા ઘ-૨ સર્કલ ખાતે સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળાનું ગણેશજીની પ્રતિમા આપીને સન્માન કરવામાં આવ્યું હતું. મહેન્દ્રકાકાએ ગણેશ મહોત્સવ ફૂલ નહી ફૂલની પાંખડી સમાન રૂપિયા ૨૦૦૦ ગણેશ મહોત્સવમાં અર્પણ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા.

## આઈ લવ માય ગાંધીનગર



**રાહુલ સુખડિયા**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સંસ્કારી, નોકરીયાત, કલા-સંસ્કૃતિપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

રાધે રાધે ગ્રૃપ, સર્વ નેતૃત્ત્વ ગ્રૃપ, શિવરંજની, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા, શહેર પ્રત્યે સંવેદના અને યુવાવિકાસના નક્કર કાર્યક્રમો આ શહેરને બહેતર બનાવી શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

યુવા વિકાસ અને રોજગાર કાર્યક્રમો માટે મારી સહાય શહેરને પૂરી પાડવા માટે હું તૈયાર છું.

## નીકી હોસ્પિટલ કુડાસણ ખાતે ૩૯મો નિ:શૂલ્ક નિદાન કેમ્પનું આયોજન

નીકી હોસ્પિટલ કુડાસણ શ્રી ઉગતી કોર્પોરેટ પાર્કખાતે આગામી તા.૩ સપ્ટેમ્બરને રવિવારના રોજ ૩૯માં મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં હાડકામાં કેલ્શીયમ ચેકઅપ, હિમોગ્લોબીન ચેકઅપ, થાઈરોઈડ-ડાયાબિટીસ ટેસ્ટ,વજન વધારાની સમસ્યા માટે ચરબી માપવાનું અને ડાયેટીશીયન દ્વારા યોગ્ય આહારનું માર્ગદર્શન, યોગાનુ માર્ગદર્શન, બાળકના જન્મથી રોગોના નિદાન વિશેની જાણકારી આપવામાં આવશે. ઉપરાંત કેન્સરના દર્દીઓ માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મફત નિદાન કેમ્પનો લાભ લેવા સૌ નાગરીકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# સિવિલ હોસ્પિટલની સ્વાઈન ફલુ ઓપડીનો ૧૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

## સ્વાઈન ફલુ ઓપીડીમાં રોજના ૧૮૦ થી વધુ દર્દીઓ નોંધાય છે

ગાંધીનગર, તા.૩૧

રોગાચાળાની સ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુની અલાયદી ઓપીડી શરુ કરવામાં આવી છે. ત્યારે છેલ્લા ૧૨ દિવસથી ચાલતી આ ઓપીડીમાં ૧૫૦૦ જેટલા દર્દીઓને તપાસવામાં આવ્યા છે. જયારે ૧૭૫ દર્દીઓને ટેમીફલુની દવાઓ આપવામાં આવી છે.તેવી સ્થિતિમાં સિવિલમાં રોજના ૧૮૦ થી વધુ દર્દીઓ સ્વાઈન ફલુની ઓપીડીની તપાસમાં આવે છે. જયારે ૧૩ થી ૧૫ શંકાસ્પદ દર્દીઓને ટેમીફલુની દવા આપવામાં આવે છે. ગાંધીનગર શહેર-જિલ્લો સ્વાઈન ફલુના રોગચાળાના ભરડામાં આવી ગયો છે. અને દિવસે ને દિવસે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસ વધી રહ્યા છે તેટલુ જ નહી મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં સ્વાઈન ફલુની અલાયદી ઓપીડી તા.૧૯મી થી શરુ કરી દેવામાં આવી છે. અન્ય દર્દીઓથી આ અતિચેપી રોગના દર્દીઓ અલગ રહે તે માટે સ્વાઈન ફલુની ઓપીડી અન્ય ઓપીડી કરતા અલગ રાખવાની સાથે અહીં જ કેસ નીકળે અને અહીં જ દવા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે છેલ્લા ૧૨ દિવસમાં કુલ ૧૫૦૦ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે. જયારે અત્યાર સુધી ઓપીડીમાં અંદાજીત ૧૭૫ દર્દીઓને ટેમીફલુની દવા પણ આપવામાં આવી છે.સ્વાઈન ફલુના લક્ષણો વાઈરલ રોગને લાગતા હોવાને કારણે વાઈરલ બિમારીના દર્દીઓ પણ હાલ અહીં વધ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી સતત ૧૮૦ થી વધુ દર્દીઓ સ્વાઈન ફલુ ઓપીડીમાં નોંધાયા છે. જયારે ઓપીડીમાં શંકાસ્પદ અને વોર્ડના પોઝીટીવ થઈને રોજના ૪૦ દર્દીઓને ટેમીફલુની દવા આપવામાં આવે છે.

# સેકટર-૧૩ના મિલ્કત ધારકો પોતાનો વાંધો ૩-૧૦ સુધીમાં રજૂ કરી શકશે

ગાંધીનગર, તા. ૩૧

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેરના સેકટર-૧૩ની ૧૧૫૫ મિલ્કતોનું સીટી સરવે કરી તેનું રેકર્ડ લખવાની કામગીરી પૂર્ણ કરી છે. સેકટર-૧૩માં મિલ્કત ધરાવતા મિલ્કત માલિકો પોતાની મિલ્કતના સર્વે અંગેના કોઈ વાધા હોય તો તા. ૩-૧૦-૨૦૧૭ સુધીમાં વાધા અરજી લેખિતમાં રજુ કરવાની રહેશે, તેવું નાયબ કલેકટર એચ.બી. દલવાડીએ જણાવ્યું છે.

સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી અને નાયબ કલેકટર એચ.બી. દલવાડીએ ગાંધીનગર શહેરના સેકટર-૧૩ના જાહેરનામામાં સમાવેશ થતી જમીન/સ્થાવર મિલ્કત ધારણ કરનારાઓને વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર સેકટર-૧૩ની કુલ-૧૧૫૫ મિલ્કતોનું રેકર્ડ લખવાની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. તૈયાર થયેલા સીટી સરવે રેકર્ડનું પ્રમોલગેશન કરવાનું થાય છે. સીટી સર્વે, ગાંધીનગરની કચેરીએ તા. ૩-૧૦-૨૦૧૭ના રોજ બપોરના ૧૨ કલાકે તપાસી પ્રમાણિત કરવામાં આવનાર છે. જો કોઈને તૈયાર થયેલ રેકર્ડ અંગે વાંધો તકરાર હોય તો તેની લેખિત વાંધા અરજી આ નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી રેકર્ડ પ્રમાણિત માટેની નક્કી થયેલ તારીખ સુધીમાં દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરવાની રેહશે. તૈયાર થયેલ રેકર્ડ જાહેર રજા સિવાયના દિવસમાં કચેરીના સમય દરમ્યાન મેન્ટેનન્સ સર્વેયર, સેકટર-૧૩, સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટની કચેરી, ૪ થો માળ, જિલ્લા સેવા સદન, સે-૧૧, ગાંધીનગર ખાતે જોવા મળી શકશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રવિણકુમાર ચંદુલાલ પ્રજાપતિ, ઉ.વ. ૪૮
- સ્વ. ઉત્તમભાઈ પ્રવિણભાઈ પટેલ, ઉ.વ. ૩૦
- સ્વ. અમરતજી ચૂંથાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. સમુબેન કેશાજી ઠાકોર, ઉ.વ. ૭૦
- સ્વ. શારદાબેન જયંતિલાલ ચૌધરી, ઉ.વ. ૫૫
- સ્વ. જયશ્રીબા મોતિસિંહ રાજપુત, ઉ.વ. ૩૫
- સ્વ. જયાબેન દામોદર ઉપાધ્યાય, ઉ.વ. ૯૦
- સ્વ. કાળુજી છગાજી વાઘેલા, ઉ.વ. ૮૦